## RADHA'S PRAYER

**O Thou** whom at first sight I knew for the Lord of my being and my God, receive my offering.

Thine are all my thoughts, all my emotions, all the sentiments of my heart, all my sensations, all the movements of my life, each cell of my body, each drop of my blood. I am absolutely and altogether Thine, Thine without reserve. What Thou wilt of me, that I shall be. Whether Thou choosest for me life or death, happiness or sorrow, pleasure or suffering, all that comes to me from Thee will be welcome. Each one of Thy gifts will be always for me a gift divine bringing with it the supreme Felicity.

13 January 1932 - The Mother

## રાધાની પ્રાર્થના

**ઓ, તારાં પ્રથમ** વાર દર્શન થયાં અને મેં જાણ્યું કે તું જ છે મારો જીવન સ્વામી, તું જ છે મારો પ્રભુ, મારા અર્પણનો સ્વીકાર કર.

તારા જ છે મારા સર્વ વિચારો, મારી સર્વ લાગણીઓ, મારા હૃદયના ભાવો, મારાં સર્વ સંવેદનો, મારા જીવનની સર્વ ક્રિયાઓ, મારા શરીરનો પ્રત્યેક કોષ, મારા રક્તનું એકેએક બિંદુ. પૂર્ણ ભાવે અને સર્વ ભાવે, નિઃસંકોચ, હું તારી જ છું. મારા માટે તારી જે કંઈ ઇચ્છા હશે તે હું થઈશ. મારા માટે તું જીવન પસંદ કરીશ કે મૃત્યુ, સુખ કે દુઃખ, આનંદ કે વેદના, તારી પાસેથી મને જે કાંઈ મળશે તે સર્વ હું સત્કારી લઈશ. તારી એકેએક બક્ષિસ મારા માટે હંમેશાં પ્રભુની દિવ્ય બક્ષિસ બનશે અને એ મને પરમ આનંદ આપશે.

૧૩ જાન્યુઆરી ૧૯૩૨ - શ્રી માતાજી

From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાનાઃ દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • August 2021
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
AUGUST
૧ ઑગસ્ટ ૨૦૨૧

## — THE ANANDA THAT —

## — એ આનંદ જ —

There are other great Personalities of the Divine Mother, but they were more difficult to bring down and have not stood out in front with so much prominence in the evolution of the earth-spirit. There are among them Presences indispensable for the supramental realisation, — most of all one who is a Personality of that mysterious and powerful ecstasy and Ananda which flows from a supreme divine Love, the Ananda that alone can heal the gulf between the highest heights of the supramental spirit and the lowest abysses of Matter, the Ananda that holds the key of a wonderful divinest Life and even now supports from its secrecies the work of all the other Powers of the universe.

The Mother Sri Aurobindo

## THE ANANDA

**There are** other great Personalities of the Divine Mother, but they were more difficult to bring down and have not stood out in front with so much prominence in the evolution of the earth-spirit. There are among them Presences indispensable for the supramental realisation, – most of all one who is her Personality of that mysterious and powerful ecstasy and Ananda which flows from a supreme divine Love, the Ananda that alone can heal the gulf between the highest heights of the supramental spirit and the lowest abysses of Matter, the Ananda that holds the key of a wonderful divinest Life and even now supports from its secrecies the work of all the other Powers of the universe.

- Sri Aurobindo

'The Mother'

## એ આનંદ

**મા ભગવતીનાં** બીજાં પણ મહાન વ્યક્તિરૂપો છે. પરંતુ તેમને અવતરણ કરાવવાનું કાર્ય ઘણું કઠણ હતું. એ વ્યક્તિરૂપોએ પૃથ્વીની ચેતનાના વિકાસક્રમમાં આ અન્ય સ્વરૂપો પેઠે મુખ્ય ભાગ ભજવ્યો નથી. એ સ્વરૂપોમાં કેટલાંક એવાં છે કે જેમની સહાય અતિમાનસ રીતના સાક્ષાત્કાર માટે અત્યંત અનિવાર્ય છે. એમાંયે એક સ્વરૂપની સહાય તો સર્વથા અનિવાર્ય છે. એ સ્વરૂપ છે એક પરમ દિવ્ય પ્રેમમાંથી વહી રહેલા ગૂઢ, પ્રબળ અને પ્રખર આનંદનું સ્વરૂપ. કેવળ એ આનંદ જ અતિમાનસ ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરો અને જડતત્ત્વનાં ઊંડામાં ઊંડા પેટાળો વચ્ચેનું અંતર સાંધી આપી શકે તેમ છે. એ આનંદના હાથમાં જ એક પરમ દિવ્યાતિદિવ્ય એવા જીવનની ચાવી રહેલી છે. અત્યારે પણ એ આનંદ પોતાના ગૂઢ સ્થાનમાં રહ્યો રહ્યો વિશ્વની અન્ય સર્વ શક્તિઓના કાર્યને ટેકો આપી રહ્યો છે.

- શ્રી અરવિન્દ

'મા ભગવતી'
પૃ.૪૭